PARLE **MAHOTSAV**

Organiser - **ADV. PARAG ALAVANI,** President, Vile Parle Cultural Centre
2, Amber Palace, Chittaranjan Road, Vile Parle (East), Mumbai 400 057.
Tel.: 26136513, 26177125 • Website : www.parlemahostav.com

PARLE **MAHOTSAV**

**અખબારી યાદી**

# મહિલાઓની સુરક્ષાના શપથ લેવા સાથે ૧૩મા પાર્લે મહોત્સવનો આરંભ

મુંબઈ: છોકરીઓ અને મહિલાઓની છેડતી અને હુમલા જેવી ઘટનાઓ બની હોય તેનો પ્રતિકાર કરવાના શપથ લેવા સાથે ૧૩મા પાર્લે મહોત્સવનું ઉદઘાટન રવિવારે થયું હતું. શાળા પાઠ્યપુસ્તકોના પ્રથમ પાના પર ''સર્વ ભારતીય મારા મારા બાંધવો છે'' એવા શપથ ધ્યાનમાં રાખીને મહિલાઓ વિરુદ્ધ કોઈ કૃત્ય નહીં કરીએ એવા શપથ આ સમયે લેવામાં આવ્યા હતા. મહોત્સવના આરંભમાં મેરેથોન રેસ નિમિત્તે મહિલા સુરક્ષા દોડ યોજવામાં આવી હતી. તેમાં પાર્લામાં સર્વ મુખ્ય શાળાઓમાંથી લગભગ એક હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જ્યારે મેરેથોન રેસમાં આશરે ૩૦૦૦ દોડવીરોએ ભાગ લીધો હતો. આ સમયે સહાયક પોલીસ કમિશનર વસંત ઢોબળેએ સૌને શપથ લેવડાવ્યા હતા, જ્યારે ફિલ્મ કલાકાર મનોજ જોશી, દિલીપ જોશી, ભારતીય મહિલા ક્રિકેટ ટીમનાં અંજલિ પેંઢારકર, સાઠ્યે કોલેજના ઉપ પ્રાચાર્ય માધવ રાજવાડે, વિમલજી કેડિયા, મુખ્ય આયોજક પરાગ અળવણી, નગરસેવિકા જ્યોતિ અળવણી પણ હાજર રહ્યાં હતાં.

મહિલાઓ પર અત્યાચારના વિરોધમાં જનજાગૃતિ લાવવા માટે પાર્લા મહોત્સવમાં વિવિધ સ્પર્ધામાં મહિલા સુરક્ષાનો વિષય રજૂ કરવામાં આવ્યો હતો. તેના ભાગરૂપે પાર્લામાં વિવિધ રસ્તાઓ પર મહિલા સુરક્ષા દોડ કાઢવામાં આવી હતી. આ સમયે સહભાગી થયેલાં છોકરા- છોકરીઓએ ''એક દો તીન ચાર, અબ ન સહેંગે અત્યાચાર, હમ ભારતની નારી હૈ, ફૂલ નહિ ચિંગારી હૈ!'' એવા સૂત્રોચ્ચાર કરીને પાર્લા વિસ્તારને ગજવી દીધો હતો. આ સમયે ઉત્કૃષ્ટ સૂત્રોચ્ચારની સ્પર્ધામાં છત્રપતિ શિવાજી વિદ્યાલય, પાર્લે ટિળક વિદ્યાળય, એનપીકેટી હાઈ સ્કૂલ, માધવરાવ ભાગવત હાઈસ્કૂલ, જીએમઈએસ હાઈસ્કૂલ શાળાઓને ઈનામ મળ્યાં હતાં.

મહોત્સવના રવિવારે પ્રથમ દિવસે મેરેથોન, ફૂટબોલ, કબડ્ડી, વોલીબોલ, રસ્સીખેંચ, ૫૦ મીટર દોડ, શોર્ટ-પુટ, ગાયન, જ્યેષ્ઠ નાગરિક સ્પર્ધા, મહિલાઓ માટે હોમ મિનિસ્ટર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સમયે ચાર વર્ષીય બાળકથી લઈને ૮૬ વર્ષીય જ્યેષ્ઠ નાગરિકોએ ભાગ લીધો હતો. સર્વ સ્પર્ધામાં સ્પર્ધકોનો ઉત્સાહ તેમ જ સ્પર્ધા માટે તૈયારી ધ્યાન ખેંચનારી હતી. મેરેથોનમાં ૧૨ વિવિધ વયજૂથમાં, જ્યારે ગાયન સ્પર્ધામાં ૯ વયજૂથમાં સ્પર્ધા યોજાઈ હતી, જેને કારણે વધુમાં વધુ સ્પર્ધકોને ઈનામ જીતવાની તક મળી હતી. રોજિંદા કામની ગડબડમાંથી આરામ લેતાં હોમ મિનિસ્ટર સ્પર્ધામાં આશરે ૩૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો. વળી, ૨૦૦ જ્યેષ્ઠ નાગરિકોએ તેમના માટેની સ્પર્ધામાં ભાગ લઈને બાળપણની યાદો તાજી કરી હતી. પ્રથમ દિવસે ૭૦૦૦ સ્પર્ધકે ભાગ લીધો હતો, જેમાં ૨૫૦ ઈનામ અપાયાં હતાં. આ સંબંધે વધુ માહિતી www.parlemahotsav.com પર મળી શકશે.

---

**નોંધ: આ પત્રક શ્રી ચરણજિત સિંહ સંધુ, સહઆયોજક પાર્લે મહોત્સવ દ્વારા પ્રસિદ્ધ કરાયું છે.**

PARLE **MAHOTSAV**